સોનાની શાહીથી તૈયાર કરાવ્યો હતો. પૂજ્યશ્રીને પ્રાકૃત ભાષાનું પણ ઊંડું જ્ઞાન હતું. પોતાના સમયમાં તેઓશ્રી ઘણા જ પ્રભાવશાળી પુરુષ તરીકે પંકાયા હતા. એવા એ એકાંતિક, સંયમસાધક, જ્ઞાનોપાસક સૂરિદેવને શતશઃ વંદના !

પરમ જ્યોતિર્ધર, યુગ દિવાકર, મહાન શાસનપ્રભાવક;

# પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

વંદનીય વિભૂતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ જૈનશાસનના ઝળહળતા સિતારા, જૈન ધર્મસિદ્ધાંતોના પરમ અભ્યાસી, કર્મશાસ્ત્રોના રહસ્યવેત્તા, દ્રવ્યાનુયોગના નિષ્ણાત, સિદ્ધાંતનિરૂપણમાં વિરલ પ્રતિભાના સ્વામી, સમર્થ વ્યાખ્યાતા, અનેક ગ્રંથોના રચયિતા, લાખો પુણ્યાત્માઓને જિનેશ્વર ભગવાનની આરાધના પ્રત્યે વાળનારા, શતાધિક જિનાલયોના જીર્ણોદ્ધારક, સંખ્યાબંધ ઉપાશ્રયો, ધર્મશાળાઓ, આયંબિલ ભવનો, પાઠશાળાઓ, ભોજનશાળાઓ, સાધર્મિક સંસ્થાઓ આદિના પ્રબળ પ્રેરક, અનેક પ્રતિષ્ઠા-અંજનશલાકા-ઉપધાન-ઉદ્યાપન-પદયાત્રા-સંઘો, વિવિધ મહોત્સવો આદિના નિશ્રાદાતા, સાતેય સુપાત્ર ક્ષેત્રો અને શાળા-મહાશાળાઓનાં નિર્માણમાં પ્રેરણારૂપ તેમ જ અનેક સેનેટોરિયમ, દવાખાનાં આદિ ઊભાં કરવા માટે કરોડો રૂપિયાની દાનગંગાને વહાવવા માટે સફળ સદ્બોધ આપનારા પરમ પ્રભાવી ગુરુભગવંત હતા.

તેઓશ્રીનો જન્મ સં. ૧૯૯૦ના શ્રાવણ વદ ૧૧ને શુભ દિને સૌરાષ્ટ્રના વઢવાણ શહેરમાં વીશા શ્રીમાળી જૈન કુટુંબમાં થયો હતો. પિતાનું નામ શાહ હીરાચંદ રઘુભાઈ અને માતાનું નામ છબલબેન હતું. તેમનું સંસારી નામ ભાઈચંદભાઈ હતું. તેમની ૬ વર્ષની વયે પિતાનું અવસાન થયું. માતા ધર્મમય જીવન ગાળતાં, તેથી બાળક પર પણ નાની વયે ધર્મની ઊંડી અસર થવા લાગી. પાઠશાળામાં ધાર્મિક અભ્યાસમાં પણ ભાઈચંદ અગ્રેસર રહેવા લાગ્યા. નવેક વર્ષની વયે બાજુના લખતર ગામે પર્યુષણ પર્વમાં બે વાર સાંવત્સરિક પ્રતિક્રમણ કરાવવા સ્વતંત્રપણે ગયા હતા. પોતાના વતનમાં ચાર ગુજરાતીનો અભ્યાસ કરી, અમદાવાદમાં ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં દાખલ થયા. તીવ્ર બુદ્ધિશક્તિ અને ખંતપૂર્વક અભ્યાસ કરવાની વૃત્તિને લીધે અભ્યાસમાં ખૂબ ઝળક્યા. શિક્ષકો અને ગૃહપતિ તેમની અભ્યાસનિષ્ઠાથી ખૂબ પ્રભાવિત રહેતા અને આગાહી કરતા કે આ બાળક ભવિષ્યમાં મહાન વિભૂતિ બનશે. તેમની માતાની પણ એવી જ અંતરેચ્છા હતી કે, પોતાનો બાળક ધર્મપરાયણ-ત્યાગી જીવન જીવીને આત્મકલ્યાણ સાધે. માતા તરફથી તેમને અવારનવાર દીક્ષાની પ્રેરણા મળ્યા કરતી. એવામાં સં. ૧૯૭૫માં બોટાદમાં ચાતુર્માસ કરવા જતાં પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયમોહન-સૂરીશ્વરજી મહારાજ રાણપુર પધાર્યા. ત્યાં પાઠશાળામાં અભ્યાસ કરાવતાં માતા છબલબેનને આંગણે પગલાં કર્યાં અને ભાઈચંદની લલાટની ભવ્ય રેખાઓ જોઈને આગાહી કરી કે, આ બાળક શાસનને અજવાળશે. ઉપદેશ આપી કહ્યું પણ ખરું કે, એને શાસનને સમર્પી દો- અને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારથી, ૧૯ વર્ષની વયે, ભાઈચંદે પૂ. ગુરુદેવનું શરણ સ્વીકાર્યું. સં. ૧૯૭૬ના મહા સુદ ૧૧ના મંગળ દિને મહેસાણા નજીક સાંગણપુરમાં દીક્ષાગ્રહણનો મહોત્સવ ઊજવાયો અને મુનિવર્યશ્રી પ્રતાપવિજયજી મહારાજના શિષ્ય તરીકે મુનિશ્રી ધર્મવિજયજી નામે ઘોષિત થયા. માતુશ્રી છબલબેન પણ રાજા ગોપીચંદની જનનીની જેમ, પુત્રને સન્માર્ગે વાળવામાં સફળ થયાં અને પુત્રની દીક્ષા થયા પછી પોતે પણ સં. ૧૯૮૦માં ભાગવતી દીક્ષા અંગીકાર કરી, સાધ્વીશ્રી કુશળશ્રીજીના નામે સંયમસાધનામાં જોડાયાં અને ત્યાગમાર્ગે જીવનને ઉજ્જવળ બનાવતાં બનાવતાં સં. ૧૯૯૭માં શ્રી શત્રુંજય ગિરિરાજની પાવન છાયામાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં.

મુનિશ્રી ધર્મવિજયજીએ જેમના વરદ હસ્તે ચારિત્ર ગ્રહણ કર્યું તે દાદાગુરુ પૂ. આચાર્યદેવેશ શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ સમકાલીન આચાર્યોમાં પ્રથમ પંક્તિમાં સ્થાન ધરાવતા હતા. તેઓશ્રી પ્રકાંડ પંડિત અને સમર્થ વ્યાખ્યાનકાર હતા અને તેઓશ્રીના શિષ્યરત્ન અને મુનિશ્રી ધર્મવિજયજીના ગુરુ શ્રી વિજયપ્રતાપસૂરિજી મહારાજ પણ મહાન અભ્યાસી હતા. આવા સમર્થ ગુરુદેવોની પ્રેરક નિશ્રામાં મુનિશ્રીનો શાસ્ત્રાભ્યાસ દિનપ્રતિદિન વૃદ્ધિવંત બનવા લાગ્યો. ઉચ્ચ કોટિનો વિનયગુણ, ગુરુદેવોની સતત સેવા, કુશાગ્ર બુદ્ધિ, અથાગ અને અવિરત પરિશ્રમને લીધે વ્યાકરણ, ન્યાય, કોશ, સાહિત્ય આદિ વિષયો તેમ જ આગમો, પ્રકરણો, કર્મશાસ્ત્રો આદિનો તલાવગાહી અભ્યાસ કર્યો. ત્યાર બાદ પૂ. શાસનસમ્રાટ આચાર્યભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ અને પૂ. આગમોદ્ધારક આચાર્યભગવંત શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજનો સમાગમ થતાં તેઓશ્રીની પાસે બૃહદ્કલ્પભાષ્ય, વિશેષાવશ્યક મહાભાષ્ય, તત્ત્વાર્થસૂત્ર, પંચમાધ્યાય આદિ ઉચ્ચતર શાસ્ત્રોનો વિશદ અભ્યાસ કર્યો. અમદાવાદમાં મરચંટ સોસાયટીથી ૯ માઈલનો વિહાર કરીને પાંજરાપોળમાં પૂ. સાગરજી મહારાજ પાસે અધ્યયન માટે જતા. શાસ્ત્રોના અભ્યાસની આવી અપૂર્વ રુચિને લીધે પૂજ્યશ્રી કર્મગ્રંથો, કર્મપ્રકૃતિ અને કર્મશાસ્ત્રોમાં એટલા નિષ્ણાત બન્યા કે શ્રમણસમુદાયમાં તેઓશ્રીની ગણના દ્રવ્યાનુયોગના એક ઉચ્ચતમ વિદ્વાન તરીકે થવા લાગી.

પૂજ્યશ્રીને ગ્રહણ અને આસેવન—બંને પ્રકારની શિક્ષામાં આગળ વધેલા જોઈ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજે પાલીતાણામાં સં. ૧૯૮૭માં માગશર માસમાં પ્રથમ પ્રવર્તકપદ અને તે પછી સં. ૧૯૯૨માં કારતક સુદ ૧૪ના દિવસે ભગવતીજી આદિ યોગોદ્વહન કરાવી ગણિ–પંન્યાસપદ વડે વિભૂષિત કર્યા. સં. ૨૦૦૨માં કારતક વદ બીજને દિવસે અમદાવાદમાં પૂ. શાસનસમ્રાટ આચાર્યભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે વિરાટ માનવમેદનીની ઉપસ્થિતિમાં ઉપાધ્યાયપદે આરૂઢ કર્યા. ત્યાર બાદ સં. ૨૦૦૬માં મુંબઈ–ગોડીજીના ચાતુર્માસ વખતે ભાયખલામાં ઉપધાન તપની માલારોપણનો પ્રસંગ ઉપસ્થિત થતાં મુંબઈ મહાનગરના તમામ સંઘોની ભાવભરી વિનંતિથી પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સં. ૨૦૦૭ના પોષ વદ પાંચમે આચાર્યપદવી અર્પણ કરવામાં આવી. વિશાળ માનવસમુદાય વચ્ચે મહામહોત્સવપૂર્વક ઊજવાયેલા આ અવિસ્મરણીય અવસર પછી પૂજ્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તરીકે વિખ્યાત થયા. સં. ૨૦૨૦માં વાલકેશ્વરમાં ઉપધાન તપ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

માલારોપણ પ્રસંગે મુંબઈના તમામ સંઘોએ પૂજ્યશ્રીને 'યુગદિવાકર'નું બિરુદ અપૂર્વ સન્માનપૂર્વક અર્પણ કર્યું.

પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક મહાન શાસનપ્રભાવનાનાં કાર્યો સતત થતાં રહ્યાં. તેઓશ્રી જ્યાં જ્યાં ચાતુર્માસ રહ્યા, ત્યાં ત્યાં જપ-તપ-અનુષ્ઠાનોથી વાતાવરણ આનંદિત અને મંગલમય બની જતું. પૂજ્યશ્રી સમર્થ વ્યાખ્યાતા હતા. ભગવતીસૂત્ર વિશેનાં વ્યાખ્યાનોમાં તેઓશ્રીની શક્તિ સોળે કળાએ ખીલી ઊઠી હતી. ભગવતીસૂત્રનાં પ્રવચનો પરનો તેઓશ્રીનો દળદાર ગ્રંથ એની સાક્ષી પૂરે છે. ચાતુર્માસ દરમિયાન પૂજ્યશ્રી ઉપધાન તપ અવશ્ય કરાવે. તેઓશ્રીની નિશ્રામાં ૨૫ વાર ઉપધાન તપની આરાધના થઈ છે. આ પ્રસંગોએ પૂજ્યશ્રીની પ્રભાવક પ્રેરણાના બળે લાખો રૂપિયાની ઊપજ થતી, વિવિધ ફંડો પણ થતા અને એ ફંડોમાંથી સુપાત્ર ક્ષેત્રો અને અનુકંપા ક્ષેત્રોને ઘણું ઘણું પોષણ મળતું. પૂજ્યશ્રીની પ્રેરણાથી આશરે ૨૫ જેટલાં ઉજમણાં થયાં છે, તેમાં ખાસ કરીને સં. ૨૦૧૬-૧૭માં વાલકેશ્વરમાં ૫૫ અને ૭૭ છોડનાં ઉજમણાં અને સં. ૨૦૧૮માં ગોડી પાર્શ્વનાથ સાર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે શ્રી ગોડીજી ઉપાશ્રયમાં થયેલું ૧૦૮ છોડનું ભવ્ય ઉજમણું અવિસ્મરણીય રહેશે. પૂજ્યશ્રીની નિશ્રામાં વિવિધ પ્રકારના ધાર્મિક ઉત્સવો અને સમારોહો પણ ઊજવાતા રહ્યા. સં. ૨૦૧૮માં મુંબઈમાં શ્રી વિશ્વશાંતિ જૈન આરાધના સત્રની જે ભવ્ય ઉજવણી થઈ તે અપૂર્વ હતી. આવા પ્રસંગોમાં પૂજ્યશ્રીના પ્રભાવને લીધે રાજકીય આગેવાનો-રાજ્યપાલો, પ્રધાનો અને અધિકારીવર્ગ ઉપસ્થિતિ રહેતો. તેઓશ્રીની પ્રેરણાથી અનેક જિનાલયોનાં નિર્માણ થયાં છે. ચેમ્બુરમાં સં. ૨૦૨૦માં દસ લાખના ખર્ચે શ્રી ઋષભદેવ ભગવાનનું જિનાલય અને ઘાટકોપરમાં સં. ૨૦૨૭માં પચીસ લાખના ખર્ચે શ્રી મુનિસુવ્રતસ્વામીજીનું જિનાલય પૂજ્યશ્રીની પ્રેરણાથી થયેલ છે. આવાં ભવ્ય જિનાલયોના નિર્માણ અને એનાથી ય અદકા તેના પ્રતિષ્ઠા-મહોત્સવો મહારાષ્ટ્રની ભૂમિ પર અભૂતપૂર્વ રીતે ઊજવાયા છે. આ ઉપરાંત, તેઓશ્રીના હસ્તે સોએક જિનમંદિરોના જીર્ણોદ્ધાર થયા છે.

સમ્યગ્જ્ઞાન-ધાર્મિક શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે પૂજ્યશ્રીએ ઘણું લક્ષ આપ્યું હતું. ચાતુર્માસ દરમિયાન અને શેષકાળમાં વિશાળ સંખ્યામાં સાધુસાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓને કર્મગ્રંથાદિની વાચનાઓ આપતા. મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, જૈન એજ્યુકેશન બોર્ડ આદિનાં ઘણાં સંમેલનો પણ તેઓશ્રીની નિશ્રામાં યોજાતા હતા. પૂજ્યશ્રીની પ્રેરણાથી મુંબઈ-ગોડીજીમાં જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિજી સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળા સ્થપાઈ. તેના શિક્ષકો અને વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે કાયમી ફંડની વ્યવસ્થા થઈ. જૈન સાહિત્યના નિર્માણ અને પ્રકાશનમાં પણ પૂજ્યશ્રી ઘણો રસ લેતા હતા. તેના પરિણામે, તેઓશ્રીની પ્રેરણાથી શ્રી મુક્તિ-કમલ-મોહન જૈન ગ્રંથમાળા દ્વારા અનેક ધાર્મિક પ્રકાશનો થયાં હતાં. પૂજ્યશ્રીએ સં. ૧૯૯૦માં સંસ્કૃત ભાષામાં છ હજાર શ્લોકપ્રમાણ નવતત્ત્વપ્રકરણ ઉપર સુમંગલા ટીકાનું સર્જન કર્યું હતું. જૈન ભૂગોળનો મહાગ્રંથ લઘુક્ષેત્ર સમાસ, પંચમ (શતક) કર્મગ્રંથ, ષટ્‌ત્રિંશિકાચતુષ્ક-પ્રકરણ, પ્રશ્નોત્તર મોહનમાળા,



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાદ્ધ પ્રતિક્રમણ, વંદિતુસૂત્ર આદિના સવિસ્તર અનુવાદો પણ કર્યા હતા. તેમનો ભગવાન મહાવીરના પૂર્વભવોને આલેખતો મહાગ્રંથ 'શ્રમણ ભગવાન મહાવીર' તેમની ઉચ્ચ કોટિની લેખનશૈલીનો પરિચય આપે છે. આ ઉપરાંત, તેઓશ્રીએ આગમસૂત્રોનું સુવર્ણાક્ષરે આલેખન કરાવેલ છે.

સાધર્મિક ભક્તિ માટેની તેઓશ્રીની ઊંડી લાગણી જૈન સમાજ માટે આદર્શરૂપ છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી મુંબઈ-ગોડીજીમાં સં. ૨૦૧૮માં શ્રી જૈન સાધર્મિક સેવા સંઘની સ્થાપના થઈ અને તેના દ્વારા પ્રતિમાસ પાંચેક હજારનો ખર્ચ કરીને ૨૫૦ જૈન કુટુંબોની વ્યવસ્થિત ભક્તિ થઈ રહી છે. વળી, મુંબઈમાં જૈનો માટે ધર્મશાળાની અગવડ હતી તે લક્ષમાં લઈ, પૂજ્યશ્રીએ સં. ૨૦૦૭માં પ્રવચન કરીને આ વાત જાહેરમાં મૂકી. સં. ૨૦૧૬ થી એ સ્વપ્ન સાકાર બનાવવા પુરુષાર્થ આદર્યો. અને સં. ૨૦૨૧માં ભૂલેશ્વર-લાલબાગમાં વિશાળ ધર્મશાળા, ભોજનશાળા અને દવાખાનાની આલીશાન ઇમારત નિર્માણ પામી. જૈનસમાજ ઉપરાંત જનસેવાની પ્રવૃત્તિઓમાં પણ પૂજ્યશ્રી પ્રસંગોપાત્ત યોગદાન આપતા રહ્યા હતા. સં. ૨૦૨૮-૨૦૨૯માં ગુજરાતમાં પડેલા દુષ્કાળ વખતે તેઓશ્રીની પ્રેરણાથી અનેક રાહતકાર્યો થયાં હતાં. પૂજ્યશ્રીએ સં. ૧૯૯૮માં પોતાના વતન વઢવાણમાં ચાતુર્માસ કરેલું. તે પછી ૩૭ વર્ષે સં. ૨૦૩૫માં, વઢવાણ સંઘની ઘણી વિનંતિઓને અંતે ચાતુર્માસ પધાર્યા. વઢવાણ, સુરેન્દ્રનગર તેમ જ ઝાલાવાડ વિસ્તાર અને મુંબઈના ભાવિકોએ પૂજ્યશ્રીનો અમૃત મહોત્સવ ઊજવવાની વિશાળ પાયે તૈયારીઓ કરી લાખોનું ફંડ એકત્રિત કર્યું. પરંતુ મહોત્સવની ઉજવણી આરંભાય તે તે પહેલાં મચ્છુ ડેમની-મોરબીની હોનારત સર્જાઈ. પૂજ્યશ્રીએ સર્વ સંઘોને બોલાવીને પોતાના અંતરની ભાવના જણાવી કે અમૃત મહોત્સવ ઊજવવો બંધ રાખો અને એ સઘળા ફંડનો ઉપયોગ હોનારતનો ભોગ બનેલા માનવ સમાજ માટે કરો. આ ઘટનાથી પૂજ્યશ્રીની પ્રતિભા લોકાદર પામીને મહાન બની ગઈ.

પૂજ્યશ્રીએ જ્યાં જ્યાં દેશના આપી, ત્યાં ત્યાં કાયમી અને મહાન ધર્મપ્રવૃત્તિઓ આરંભાઈ હતી. ગોડીજીના ઉપાશ્રય માટે રૂ. ૫,૫૦,૦૦૦/-, ચેમ્બૂર તીર્થ નિર્માણ માટે ૧૦ લાખ; મુંબઈ જૈનધર્મશાળા-ભોજનશાળા માટે ૨૦ લાખ, શ્રી શત્રુંજય હોસ્પિટલ માટે ૨૫ લાખ, આરાધના માટે ધર્મવિહાર બાંધવા ૪ લાખ-આમ, પૂજ્યશ્રીની પ્રેરણાથી સદ્વ્યય માટે કરોડો રૂપિયાનો દાનપ્રવાહ વહ્યો છે. શ્રમણી-વિહાર-પાલીતાણાના નામકરણ માટે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈ પધાર્યા હતા. સં. ૨૦૩૧માં ચૈત્ર માસમાં મુંબઈ-ગોવાલિયા ટેન્કના ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં પાંચ દિવસ સુધી મહાવીર ભગવાનની ૨૫મી નિર્વાણ શતાબ્દી અભૂતપૂર્વ ઉત્સવ દ્વારા ઊજવાઈ, તેમાં પૂજ્યશ્રીની પ્રેરણા પ્રમુખ હતી. સં. ૨૦૩૩માં મુંબઈથી શત્રુંજય મહાતીર્થ પદયાત્રા સંઘ અને સં. ૨૦૩૪માં પાલીતાણાથી ગિરનાર તીર્થ પદયાત્રા સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળ્યા હતા. આ સર્વ કાર્યો પૂજ્યશ્રીની પ્રૌઢ પ્રતિભાનાં સીમાચિહ્નો છે. પૂજ્યશ્રી સંયમસાધના સાથે દૈનિક આવશ્યક ક્રિયાઓમાં ચુસ્ત હતા. પૂજ્યશ્રીએ જ્ઞાનપંચમી, નવપદજીની ઓળી, પોષ દશમી, વરસીતપ જેવી નાનીમોટી અનેક તપસ્યાઓ પણ કરી હતી. પૂજ્યશ્રીનો શિષ્ય-પ્રશિષ્ય પરિવાર હાલ જિનશાસનમાં જયવંતો વર્તે છે. જેમાં સમર્થ શાસ્ત્રવેત્તા, અનુપમ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વક્તા, સાહિત્યકલાપ્રેમી, શતાવધાની, તપસ્વી, ક્રિયાનિષ્ઠ શિષ્યોની ભવ્ય પરંપરા નક્ષત્રોની જેમ ઝળહળી રહી છે– જેમાં શ્રી વિજયયશોદેવસૂરિજી, શ્રી વિજયજયાનંદસૂરિજી, શ્રી વિજયકનકરત્નસૂરિજી, શ્રી વિજયમહાનંદસૂરિજી, શ્રી વિજયસૂર્યોદયસૂરિજીની મુખ્યતા છે. એવા એ અજોડ અનુપમ આચાર્યભગવંત શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજને કોટિ કોટિ વંદન !

( સંકલન : શ્રી ધી. ટો. શાહના એક પ્રકાશિત લેખનું સંવર્ધન-સંકલન. )

## આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત, આજીવન જ્ઞાનોપાસક, કલામર્મજ્ઞ, વિપુલ સાહિત્યકૃતિઓના સર્જક–સંપાદક, પરમ શાસન પ્રભાવક, સાહિત્ય કલારત્ન

# પૂ. આચાર્યશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજ

## અજોડ વ્યક્તિત્વ અને અનેરી પ્રતિભા ધરાવતા એક વિવિધરંગી જીવનનું એક અનોખું ભવ્ય દર્શન

અત્યંત પ્રાચીન કાળથી ગુજરાતે એવાં માનવરત્નો નિપજાવ્યાં છે કે જેમનું કાર્યક્ષેત્ર ગુજરાતની સીમાની પેલે પાર ક્યાંય ને ક્યાંય સુધી વિસ્તરેલ હોવા ઉપરાંત, એમની સિદ્ધિઓને કાળ પણ કદી ગ્રસી શક્યો નથી, નામશેષ કરી શક્યો નથી. ઉપદેશરત્નોની તથા આચારસંહિતાની એમની મંજૂષા પાંડવોના અક્ષયપત્રની જેમ ગમે તેટલી ખાલી કરવા છતાં એવી ને એવી સભર રહે છે. પુરાતન સમયમાં અને ઇતિહાસમાં એવાં અનેક સાધકો, સંતો, સતીઓ, શ્રેષ્ઠિઓ, અને રાજવીઓ આ ભૂમિમાં થઈ ગયા કે જેઓ ગુજરાતની સંસ્કારિતાનું ગૌરવ વધારતા જ રહ્યા. સૈકે સૈકે અને ક્યારેક તો દસકે દસકે આવી ધર્મશૂર, કર્મશૂર અને સેવાપરાયણ વ્યક્તિઓ ગુજરાતની સંસ્કારભૂમિમાં પાકતી જ રહી અને માતા ગુર્જરીના કીર્તિમંદિરને વધુ ને વધુ શોભાભર્યું બનાવતી જ રહી. આજે અહીં એક એવી જ વિભૂતિનો સંક્ષિપ્ત પરિચય આપતાં આનંદ અને ધન્યતા અનુભવાય છે. એ ત્યાગી છે, સંત છે, જ્ઞાનની સાક્ષાત્ ગંગા છે, નમ્રતા અને પ્રસન્નતાની પ્રેરક મૂર્તિ છે, સાહિત્ય અને કલાના પરમ ઉપાસક છે. એ સહુને સમતાથી નિહાળે છે, સહુના કલ્યાણની કામના કરે છે, એ વંદનીય વિભૂતિનું નામ છે પૂજ્ય આચાર્યશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજ.

**જન્મ અને બાલ્યાવસ્થા :** જેની પાછળ અનેક રોમાંચક ઇતિહાસની ઘટના છુપાઈ છે એવી સુપ્રસિદ્ધ પ્રાચીન નગરી દર્ભાવતી (ડભોઈ) એ પૂજ્યશ્રીની જન્મભૂમિ. વિ. સં. ૧૯૭૨ના પોષ સુદ બીજ, તા. ૭–૧–૧૯૧૬ના મધ્યરાત્રિએ પિતા નાથાલાલ વીરચંદ અને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org